લક્ષ ચોર્યાસી ફેરા ફર્યો છે, માંડ માનવદેહ મળ્યો છે, માટે માનવ બની, સાચા માનવતણી ફરજ વિચારો, આ તો માટીનો છે રે મિનારો....

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૩૮ | ૨૭ જુલાઈ, ૨૦૨૦, સોમવાર; શ્રાવણ સુદ - ૭/૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૧૧૦ |
| અમદાવાદ | ૧૬૩ |
| ગાંધીનગર | ૨૪ |

# દેશમાં કોરોના વિસ્ફોટ : નવા ૫૦ હજારથી વધુ કેસ



**દેશમાં કોરોનાના કુલ કેસ ૧૪ લાખની નજીક, અત્યાર સુધી ૧.૬૨ કરોડના સેમ્પલ ટેસ્ટ થયા : વધુ ૭૦૩ના મોત સાથે મૃત્યુઆંક ૩૨ હજારને પાર, ૨૪ કલાકમાં રેકોર્ડ ૩૬,૩૨૭ દર્દી સાજા પણ થયા, ગત સપ્તાહે ૨ લાખથી વધુ સંક્રમિતોને હોસ્પિટલમાંથી રજા અપાઈ**

ન્યુ દિલ્હી,તા.૨૬

ભારતમાં કોરોના વાયરસના સંક્રમણે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ અનલોક-૨ના ૨૫મા દિવસે ૪૮ હજાર કરતાં વધુ કેસો સામે આવ્યાં છે. કોરોનાના કેસોએ હવે ૪૫ હજારની પીક પકડી લીધી હોય તેવું લાગે છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૦,૦૭૨ પોઝિટિવ કેસો નોંધાયા છે. તે સાથે હવે દેશમાં સંક્રમિતોની સંખ્યા હવે ૧૪ લાખ નજીક પહોંચી ગઈ છે વધુ ૭૦૩ના મોત થતાં મૃતકોની સંખ્યા ૩૨ હજારને પાર થઈ ગઈ છે. અનલોક-૨ બાદ હવે ૧ ઓગસ્ટથી સંભવતઃ અનલોક-૩નો અમલ શરૂ થાય તો તેમાં વધુ છૂટછાટ અપાશે. જેમાં જાહેર સ્થળોએ લોકોનું હળવામળવાનું થતાં સંક્રમણ વધવાની પણ શકયતા નકારી શકાય તેમ નથી. જો કે શાળા-કોલેજો ખોલવા અંગે અંગે અનલોક-૩માં કોઈ નિર્ણય લેવાની શક્યતા નથી. કદાજ સિનેમાગૃહો વગેરે. અંગે નિર્ણય લેવાની સંભાવના છે. અનલોક-૨માં કેસો વધતાં અંદાજે એક ડઝન રાજ્યોમાં વીકએન્ડ લોકડાઉન લાદવાની ફરજ પડી છે. જેથી રજાઓમાં લોકોનું એકબીજાનું હળવા-મળવાનું એટલા પ્રમાણમાં ઓછુ થાય તો સંક્રમણ પણ એટલુ ઘટી શકે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આજે રવિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના એટલે કે શનિવારના કેસોના આંકડા જાહેર કરવામાં આવ્યાં હતા. જે અનુસાર, દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૧૩,૮૫,૫૨૨ પર પહોંચી છે અને ૩૨,૦૬૩ લોકોના મોત થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વમાં રોજ વધતા કોરોનાના કેસ ચિંતાજનક : ડબલ્યુએચઓ

જિનિવા,તા.૨૬

કોરોના સંક્રમણે લગભગ આખી દુનિયાને પોતાની ઝપટમાં લઈ લીધા છે અને દરરોજ આ સંક્રમણ વધી રહ્યું છે. ગયા સપ્તાહે અંદાજે ૪૦ દેશોમાં દરરોજ સામે આવતા કોરોનાના કેસમાં રેકોર્ડ વધારો જોવા મળી રહ્યો છે. રોયટર્સના એક રિપોર્ટના મતે ગયા સપ્તાહના મુકાબલે લગભગ બમણો થઈ ગયો છે. અમેરિકા, બ્રાઝીલ અને ભારત સિવાય ઓસ્ટ્રેલિયા, જાપાન, હોંગકોંગ, બોલીવિયા, સુડાન, ઈથોપિયા, બુલગારિયા, બેલ્જિયમસ ઉઝબેકિસ્તાન અને ઈઝરાયલ વગેરે દેશોમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે.

કેટલાંય દેશોએ ખાસ કરીને ત્યાં જયાં લોકડાઉન, સોશિયલ ડિસ્ટેંસિંગના નિયમોમાં થોડીક ઢીલ આપી દીધી છે. ત્યાં પણ હજુ કોરોના મહામારીનો ફરીથી વધવાનો ખતરો ઉભો થઈ ગયો છે. ડબ્લ્યુએચઓના ડાયરેકટર જનરલ ટેડ્રોસ ગેબ્રિએસસનું કહેવું છે. હવે પહેલાં જેવું સામાન્ય થવાનું નથી. મહામારીએ પહેલાં જ આપણા જીવવાની રીત બદલી નાંખી છે. અમે લોકોને અપીલ કરીએ છીએ કે તેઓ કોઈને મળતા કે બહાર જવાના નિર્ણયની સાથે જિંદગી અને મોતના નિર્ણયને સમજો, કારણ કે એ પણ છે. આંકડાના મતે ત્રણ સપ્તાહ પહેલાં ઓછામાં ઓછા ૭ દેશોમાં દરરોજ કોરોનાના કેસ રેકોર્ડ બ્રેક વધી રહ્યા હતા.

# દેશમાં કોરોનાનો ખતરો ટળ્યો નથી, વધુ સતર્કતાની જરૂર : મોદીની ચેતવણી

**વડાપ્રધાને ૬૭મી વાર મન-કી બાત દ્વારા દેશવાસીઓને સંબોધ્યા : સ્વતંત્રતા પર્વ પર દેશના લોકો કોરોનાથી આઝાદીનો સંકલ્પ કરે : માસ્ક પહેરવું, બે ગજનું અંતર, કોઈ જગ્યાએ થૂંકવું નહીં આજ આપણા હથિયાર છે, જે કોરોનાથી આપણને બચાવશે, માસ્ક પહેરવામાં તકલીફ પડે તો કોરોના વોરિયર્સને યાદ કરો, તે કલાકો સુધી કીટ પહેરી રાખે છેઃ મોદી**

ન્યુ દિલ્હી,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના દર મહિનાના કાર્યક્રમ મન કી બાતના ૬૭માં સંબોધનમાં દેશવાસીઓ સાથે કોરોના વાયરસના વધી રહેલા ખતરા વિશે સાવચેત રહેવાની સાથે સાથે તાકીદ પણ કરી હતી કે કોરોનાનો ખતરો ભારતમાં હજુ ટળ્યો નથી. અનેક સ્થળો પર તે ખૂબ જ ઝડપથી ફેલાઈ રહ્યો છે. તેઓએ કહ્યું કે, આપણે કોરોના



સંક્રમણને લઈ તમામ તકેદારી રાખવી પડશે. તેમણે માસ્ક નહીં પહેરતા કે પહેરવાનું ટાળતાં લોકો માટે એમ કહ્યું કે માસ્ક પહેરવામાં મુશ્કેલી પડતી હોય તો પીપીઈ કીટ પહેરીને સેવા કરનારા કોરોના વોરિયર્સને યાદ કરવા જોઈએ કે જેઓ કીટ પહેરીને કઈ રીતે ખડે પગે સેવાનું—માનવતાનું કામ કરી રહ્યાં છે. પીએમ મોદીએ આ દરમિયાન દેશવાસીઓની

● અનુસંધાન પાન-૭ પર




## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૬૩૦૩૯૪૪ | ૬૫૦૦૯૮ | ૧૦૩૪૯૨૧૩ |
| ભારત | ૧૪૨૮૨૨૯ | ૩૨૭૨૩ | ૯૧૩૬૫૭ |
| ગુજરાત | ૫૫૮૨૨ | ૨૩૨૬ | ૪૦૩૬૫ |
| ગાંધીનગર | ૧૪૨૨ | ૭૮ | ૯૩૩ |

## શિવરાજસિંહના પત્ની, પુત્રનો કોરોના રિપોર્ટ નેગેટિવ

ભોપાલ,તા.૨૬

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ કોરોના વાઈરસથી સંક્રમણની ચપેટમાં છે. કોરોના વિરૂદ્ધ જંગ લડી રહેલા શિવરાજ ચિરાયુ હોસ્પિટલમાં દાખલ છે. શિવરાજના હોસ્પિટલમાં દાખલ થયા બાદ કેટલાક જરૂરી ટેસ્ટ કરવામાં આવ્યા, જેના પરિણામ સીએમ માટે મનોબળ વધારનારા છે.




